# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩/૫/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'પોસ્ટ લોકડાઉન ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ઇન એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રી' વિશે વેબીનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૩૦ એપ્રિલના રોજ સાંજે ૫:૦૦ કલાકે 'પોસ્ટ લોકડાઉન ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ઇન એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રી' વિશે વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે મુંબઇની સિનેયુગ ગૃપ ઓફ કંપનીઝના મેનેજિંગ ડાયરેકટર શ્રી મોહંમદ મોરાની અને મુંબઇની ટીએમ ટેલેન્ટ મેનેજમેન્ટના ફાઉન્ડર શ્રી તર્સમી મિત્તલ દ્વારા લોકડાઉનમાં અસરગ્રસ્ત થયેલી એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રીના આખા સિનારીયો વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. લોકડાઉન દરમિયાન અત્યારે ડિજીટલ એન્ટરટેનમેન્ટ માટે સારુ ભવિષ્ય હોવાનું કહી લોકડાઉન બાદ પણ નવા ઇનોવેશન ઉપર જ આખી ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય નિર્ભર રહેશે તેમ જણાવ્યુ હતુ. તેમણે ઇવેન્ટ મેનેજમેન્ટમાં ડીલ કરવા માટે રાખવામાં આવતી સાવચેતી વિશે પણ મહત્વની ચર્ચા કરી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ જણાવ્યુ હતુ કે, કોવિડ ૧૯ની મહત્તમ વિપરીત અસર એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રી ઉપર પડી છે. લોકડાઉન બાદ આ ઇન્ડસ્ટ્રીને ફરીથી કઇ રીતે બેઠી કરી શકાય તે માટે આજના વેબીનારમાં ઇન્ડસ્ટ્રીના નિષ્ણાંતો માર્ગદર્શન આપશે.

શ્રી મહંમદ મોરાનીએ જણાવ્યુ હતુ કે, કોવિડ– ૧૯ને કારણે લોકડાઉનના બે તબકકા પસાર થઇ ગયા છે ત્યારે ઇન્ડસ્ટ્રી માટે કઇક નવું શોધવું પડશે. સ્ક્રીન એવોર્ડ માટે ઘરમાં બેસીને અત્યારથી જ તૈયારી કરવાની શરૂઆત કરી દીધી છે. કારણ કે લોકડાઉન બાદ ઇન્ડસ્ટ્રીને ફરીથી પાટે ચડાવવા માટે દોડધામ કરવી પડશે. અત્યારનો

સમય વિતી ગયા બાદ ડબલ મહેનતથી કામ કરવુ પડશે. ચોકકસપણે સારો સમય આવશે અને બધું જ નોર્મલ થઇ જશે. પણ ઇન્ડસ્ટ્રીમાં હવે નવું શું કરી શકાય છે તે વિચારવુ પડશે. અત્યારે ઘરમાં બેસીને પણ અમે લોકો કામ કરી રહયાં છીએ. અમારી ટીમે ઘરમાં જ એક ગીત તૈયાર કરી દીધું છે. દર સપ્તાહમાં સિરીયલોનું શુટીંગ થતુ હતુ તે અત્યારે બંધ છે. આથી કલાકારો જુદા–જુદા એપ ઉપર કોન્સેપ્ટ કરી રહયાં છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, લોકડાઉન બાદ ઇવેન્ટની જગ્યાને કોવિડ ફ્રી વેન્યુ બનાવવી પડશે. સોશિયલ ડિસ્ટન્સીગ સહિતના નિયમોના આધિન ઇવેન્ટ્સની શરૂઆત કરવી પડશે. તેમ છતાં પબ્લીક ગેધરીંગ એકદમથી શરૂ થશે નહી. કારણ કે લોકોના મગજમાં પેસી ગયેલો કોવિડનો ડર ધીમે ધીમે જશે. લોકોને કોવિડથી સુરક્ષિતતા અનુભવાશે ત્યારે જ ઇવેન્ટની શરૂઆત થશે. તેમણે આઇપીઆર અને પીપીએલ લાયસન્સ વિશે કહયું હતું કે, એના માટે આખું ફોર્મેટ બની ગયું છે. કોઇ મ્યુઝીક કંપની રૂપિયા ખર્ચીને ગીત બનાવે છે. આથી તમે જયારે આ ગીતનો કમર્શિયલ ઉપયોગ કરો છો તો તેના માટે રૂપિયા ચૂકવવા પડશે.

શ્રી તર્સમી મિત્તલે જણાવ્યુ હતુ કે, એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં લાઇવ બિઝનેસ ઉપર આખો બિઝનેસ ડિપેન્ડ કરે છે. લોકડાઉનમાં શરૂઆતના અઠવાડીયા દસ દિવસ માટે તકલીફ થઇ હતી પણ હવે યુઝ ટુ થઇ ગયું છે. અત્યારે ઘરની સફાઇ, પરિવારજનો સાથે સમય વિતાવવો અને પેન્ડીગ મેસેજીસ વાંચવામાં સમય વિતી રહયો છે. આપણે જે ઇન્ડસ્ટ્રીમાં છીએ તેમાં અપડેટ થવા માટે નવું નવું શીખવાનો પ્રયાસ કરી રહયાં છે. લોકડાઉન બાદ બિઝનેસનું શું થશે તે અત્યારે કોઇને કશી ખબર નથી. લાઇવ શોઝ અને સોશિયલ ગેધરીંગ માટે લોકોનું ટોળું ખૂબ જ જરૂરી છે. જો દવા નહી નીકળશે તો સોશિયલ ગેધરીંગ થશે નહી. આથી વૈકલ્પિક બિઝનેસ માટે વિચારવુ પડશે.

તેમણે જણાવ્યુ હતુ કે, અમારો આખો બિઝનેસ એન્ટરટેનમેન્ટ ઉપર ડિપેન્ડ છે. અત્યારે પણ લોકોને એન્ટરટેનમેન્ટની જરૂર છે પણ લોકડાઉન બાદ અમારો બિઝનેસ સારી રીતે ચાલશે તે ચોકકસ છે. કારણ કે, પંદર વર્ષ પહેલાં ઇવેન્ટ મેનેજમેન્ટ માટે ઘણા સવાલો ઉભા થતા હતા પણ અત્યારે આ એક ઇન્ડસ્ટ્રી બની ગઇ છે. ઇન્ડસ્ટ્રીના લોકોને અપગ્રેડ થઇને ઘરેથી જ સોલ્યુશન મોડમાં આવવુ પડશે. લોકડાઉનમાં અત્યારે મલ્ટીપલ જગ્યાએ એક સિંગરની સાથે ઇવેન્ટ કરી શકાય છે. લોકડાઉનમાં અત્યારે આખા દિવસ માટેના કોન્સર્ટ લાઇવ થઇ રહયાં છે. અત્યારે યુવા કોમેડીયનને સાઇન કરવા માંગીએ છીએ. દરેક પ્રકારના કોમેડીયનને ચાન્સ આપી રહયાં છે. ઘરેથી જ કુકીંગ શો કરી રહયાં છે. આઇ ફોર ઇન્ડિયા નામથી કોવિડ માટેનું ગીત માટે ૫૦થી વધુ કલાકારોએ ઘરેથી જ શુટ કર્યુ છે અને આખુ ગીત બનાવવામાં આવ્યું છે.

શ્રી મિત્તલે વધુમાં કહયું કે, અત્યારે નાનામાં નાના ઇવેન્ટ મેનેજર અને સ્ટાર્ટઅપ્સને પોઝીટીવિટીની વધારે જરૂર છે. પોઝીટીવ એટીટયુટ સાથે સોલ્યુશન શોધશો તો રસ્તો મળી જશે. નવા ઇનોવેશન ઉપર જ ઇન્ડસ્ટ્રી ચાલશે. ઇએનટી નેટવર્ક ઉપર એન્ટરટેનમેન્ટનો બિઝનેસ કરી શકાય છે. ડિજીટલ એન્ટરટેનમેન્ટ માટે ઘણો સારુ ભવિષ્ય છે. તેમણે ઇન્ડસ્ટ્રીમાં રાખવામાં આવતી સાવચેતીઓ વિશે પણ ચર્ચા કરી હતી. જેવી કે ઇવેન્ટ મેનેજમેન્ટમાં ડીલ કરવા માટે મૌખિકને બદલે લેખિતમાં એગ્રીમેન્ટ કરવાની જરૂર છે. બધી બાબતો પહેલા જ ડિસ્કસ કરીને કલીયર કરી લેવી જોઇએ. જેથી કરીને બાદમાં આર્ટીસ્ટ અને ઇવેન્ટ મેનેજર વચ્ચે ગેરસમજ ઉભી ન થાય.

ચેમ્બરની એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રી કમિટીના ચેરમેન શ્રી ચિરાગ શાહે વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.